**ભાયાવદર પો.સ્ટે. ગુ.ર.નં. ૨૫૦/૨૦૨૬, જુ.ધા. ૧૨ મુજબ ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ ફોન પરત મેળવવાની અરજદાર અકીબભાઈ સલીમભાઈ સમાની અરજી લગત હુકમ.**

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

(૧) અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદારની કાયદેસરની માલિકી કબજા ભોગવટાની મોટરસાયકલ હોન્ડા સાઈન 125 DRUM કે જેના રજિસ્ટ્રેશન નં. GJ–03–PC–4612 છે. જેના ચેસીસ નં. ME4JC85JMRD384191 તથા એન્જીન નં. JC85ED3572409 છે. તે મુદ્દામાલ ઉપરોકત ગુનાના કામે કબજે કરેલ છે. તે મુદ્દામાલ વચ્ચગાળાની કસ્ટડી માટે પરત મેળવવા હાલની આ અરજી કરેલી છે.

(૨) આ કામે અરજદારની અરજી વંચાણે લીધી. અરજી અનુસંધાને રજૂ થયેલ દસ્તાવેજી આધારો તથા પોલીસ અભિપ્રાય તેમજ પંચનામુ તેમજ મુદ્દામાલ પાવતિ ધ્યાને લીધા. સરકારી વકીલશ્રીને સાંભળ્યા.

(૩) તપાસ કરનાર અમલદારે તેઓનો અભિપ્રાય આપેલ છે જે ધ્યાને લેતાં, સદરહુ મુદ્દામાલ છોડવામાં આવશે તો ફરી આવા ગુનામાં ઉપયોગ કરશે તેવી દહેશત હોય જેથી ઉપરોકત મોબાઈલ ફોન નહિ છોડવા બાબતનો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

(૪) વધુમાં, આ કામના અરજદાર તરફે દસ્તાવેજી લીસ્ટ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં મોબાઇલ ખરીદ કર્યાનુ બિલ, અરજદારના આધારકાર્ડની નકલ તથા એફ.આઇ.આર. રજુ છે. જે ધ્યાને લેતાં સદર મુદ્દામાલના માલિક હાલના અરજદારના હોવાનુ જણાય આવે છે. વધુમાં, આ કામે અન્ય આરોપીઓએ નો–કલેઇમ પુરસીસ રજુ કરી મુદ્દામાલ અરજદારને પરત સોંપવામાં આવે તો વાંધો તકરાર ન હોવાનુ જણાવેલ છે. જેથી અરજદારને મુદ્દામાલ વચ્ચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવું છે.

(૫) વધુમાં, **<u>નામ.સુપ્રીમકોર્ટે સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો કેસ કે જે જી.એલ.આર. ૨૦૦૩(૨) પાન નં.૧૩૩૭</u>** ઉપર પ્રસિદ્ધ થયેલ છે તેમા નામ.સુપ્રિમ કોર્ટે આપેલ ગાઇડલાઇન મુજબ કબજે કરેલ મુદ્દામાલ અરજદારને નીચેની શરતોને આધીન કામ ચલાઉ ધોરણે પરત સોંપવુ વ્યાજબી જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>- - હુકમ - -</u>**

આ કામના અરજદાર **અકીબભાઈ સલીમભાઈ સમા,** રહે.હાડફોડી, તા. ઉપલેટા, જિ.રાજકોટનાએ મોટરસાયકલ હોન્ડા સાઈન 125 DRUM કે જેના રજિસ્ટ્રેશન નં. GJ–03–PC–4612

છે. જેના ચેસીસ નં. ME4JC85JMRD384191 તથા એન્જીન નં. JC85ED3572409 છે. તેની મુદ્દામાલ પાવતિમાં જણાવેલ કિંમતના દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી નીચેની શરતોને આધીન માત્ર વચ્ચગાળાના ધોરણે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે

<u>શ ર તોઃ–</u>

**૧.** અરજદારે જયારે અને જયા નામ.કોર્ટ મંગાવે ત્યારે તુરત મુદ્દામાલ સ્વખર્ચે રજુ કરવાનો રહેશે.

**૨.** અરજદારે ટ્રાયલ દરમ્યાન મુદ્દામાલની ઓળખ સંબંધે કોઇ તકરાર ઉપસ્થિત કરવી નહી.

**૩.** ત.ક.અ.શ્રીએ અરજદારના ખર્ચે મુદ્દામાલના દરેક બાજુના કલર ફોટોગ્રાફ પાડીને આ હુકમની તારીખથી દિન–૭ માં અત્રેની અદાલતમાં રજુ કરવા.

**૪.** અરજદારે મુદ્દામાલનો કોઇ ગુન્હાહીત કૃત્યમાં ઉપયોગ કરવો કરાવવો નહી.

**૫.** અરજદારે મુદામાલ અંગે મુદામાલ પાવતી અને પંચનામામાં જણાવેલ મુદ્દામાલની કિંમતના દોઢી રકમના બોન્ડ તથા જામીન સંબંધીત પો.સ્ટે.માં આપવાના રહેશે.

**૬.** આ હુકમ સંબંધે સંબંધીત પો.સ્ટે.માં યાદી કરવી.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૨૦, માહેઃજુન, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તારીખઃ ૨૦/૦૬/૨૦૨૬.
મુકામઃ ઉપલેટા.

(પી.પી.કાલા)
જયુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભાયાવદર.
UIC–GJ01761